કલમસર નજીકના વટાદરા વત્રા ગામે ૨૦૦થી વધુ પક્ષી અને જુની આખોલ ગામે ૧૫ પશુઓના મોત

ખંભાતમાં કેમિકલ કંપનીથી જીવસૃષ્ટીનો ખો નીકળ્યો

ખંભાત તાલુકાના સોખડા-કલમસરની કેમિકલ કંપનીઓના પ્રદૂષિત પાણી અને ઝેરી ગેસને કારણે પશુ પક્ષી સહિત માનવ જીવન માટે જોખમ

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૮

ખંભાત તાલુકાના કલમસર નજીકના વટાદરા-વત્રા ગામની સીમ વિસ્તારમાં કથિત રીતે કેમિકલ કંપનીઓમાંથી ગેસ છોડાવાની અને દૂષિત પાણી ઘટનાના આક્ષેપ વચ્ચે ખંભાત પંથકમાં ભારે ચકચાર અને રોષ ફેલાયો છે. કેમિકલ કંપનીઓની આડ અસરોને ગંભીર બનાવતી બાબત એ છે કે ઝાડ પર બેઠેલા જંગલી બબલર પક્ષીઓ અચાનક તરફડવા લાગ્યા બાદ મોટી સંખ્યામાં પક્ષીઓનાં મોત થયાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ૨૦૦થી વધુ બબલર પક્ષીઓનાં મોત થયા છે. જોકે પક્ષીઓનાં મોતનું ચોક્કસ કારણ હજુ સત્તાવાર રીતે સ્પષ્ટ થયું નથી અને હાલ તંત્રની તપાસ પર સૌની નજર છે. તો નવી આખોલ ગામમાં પંદર પશુઓના સોખડા ગામની કેમિકલ કંપનીઓએ છોડેલા દૂષિત પાણીના ઉપયોગથી મોત નિપજયાં હોવાનું પશુપાલકોએ આક્ષેપ કર્યો છે .

મળતી માહિતી મુજબ વટાદરા-વત્રા ગામની સીમમાં બનેલી ઘટનામાં કથિત ગેસની

અસર બાદ ઝાડ પર બેઠેલા પક્ષીઓ અચાનક તરફડવા લાગ્યા અને ત્યારબાદ એક પછી એક પક્ષીઓ નીચે પડતાં સ્થાનિકોમાં દોડધામ મચી હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ મોટી સંખ્યામાં જંગલી બબલર પક્ષીઓનાં મોત થયાં છે. સ્થળ પર તીવ્ર દુર્ગંધ અનુભવાઈ હોવાનો પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ કથિત ગેસના કારણે આસપાસના વિસ્તારમાં રહેતા તથા ખેતરમાં કામ કરતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ અનુભવાઈ હતી.

જોકે પક્ષીઓનાં મોતનું કારણ કથિત ગેસ જ છે કે અન્ય કોઈ પરિબળ જવાબદાર છે તે અંગે હાલ કોઈ અંતિમ સત્તાવાર તારણ આપવામાં આવ્યું નથી. તંત્ર દ્વારા મૃત પક્ષીઓની વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.સમગ્ર ઘટનાને પગલે વટાદરા-વત્રા ગામના ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ સમગ્ર મામલે તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસની માગ કરી છે.

ખંભાતના વિવિધ ગામોના ગ્રામજનોનો આક્ષેપ છે કે જો કોઈ કેમિકલ કંપની દ્વારા નિયમ વિરુદ્ધ ગેસ અથવા અન્ય પ્રદૂષક તત્વો વાતાવરણમાં છોડવામાં આવ્યા હોય તો તેની સીધી અસર માનવજીવન, પશુ-પક્ષીઓ અને ખેતીના પાક પર પડી શકે છે. તેથી માત્ર ઘટનાની તપાસ પૂરતી નહીં પરંતુ જવાબદારી નક્કી થાય તો સંબંધિત સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

પક્ષીઓના મોત બાદ વહિવટી તંત્ર દોડતું થઇ ગયું છે. સંબંધિત કંપનીઓની ચીમનીઓના સેમ્પલ લેવામાં આવી રહ્યા છે અને તેની ચકાસણી કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન કોઈ કંપની દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવ્યો હોવાનું અથવા પર્યાવરણને નુકસાન પહોંચાડે તે રીતે ગેસ છોડવામાં આવ્યો હોવાનું બહાર આવશે તો નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જીપીસીબી તરફથી જણાવાયું છે.

આ અંગે ખંભાત રેન્જ ફોરેસ્ટ ઓફિસર નરેન્દ્ર બી. દેસાઈએ જણાવ્યું હતું કે મૃત પક્ષીઓનું હાલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે અને પક્ષીઓને એફએસએલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. એફએસએલના વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ જ પક્ષીઓનાં મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે.

ચીમનીના સેમ્પલ લેવાયા , નિયમભંગ કે પ્રદૂષણ બદલ કાર્યવાહી કરાશે

જીપીસીબી દ્વારા બનાવ આસપાસની કેમિકલ કંપનીઓની મુલાકાત લઈ ચીમનીઓના સેમ્પલ સહિત જરૂરી નમૂનાઓ લેવામાં આવી રહ્યા છે. જો તપાસમાં કોઈ કંપની દ્વારા નિયમભંગ કે પ્રદૂષણ ફેલાવ્યાનું બહાર આવશે તો નિયમ મુજબ કાર્યવાહી કરાશે.

ગળતેશ્વરમાં વેપારી સાથે ૬.૧૭ લાખનું સાયબર ફ્રોડ

ઇન્ડિયા માર્ટ પર સસ્તા ભાવે કન્સ્ટ્રક્શન સામાનની લાલચ આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

ગળતેશ્વર તાલુકાના મેનપુરા ગામે રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા એક વેપારી ઓનલાઇન છેતરપિંડીનો ભોગ બન્યા છે.

મેનપુરા ગામે 'કરણી કૃપા કન્સ્ટ્રક્શન' નામે ધંધો કરતા વેપારીને તેમના વ્યવસાય માટે લોખંડના એંગલ, પતરા અને પાઇપની જરૂરિયાત હતી. ગત 25મી જુલાઈ 2026 ના રોજ ગુગલ પર સર્ચ દરમિયાન તેમને ઇન્ડિયા માર્ટ પોર્ટલ પર 'પાર્શ્વનાથ એન્ટરપ્રાઇઝ' નામની પેઢીનું પ્રોફાઇલ જોવા મળ્યું હતું. તેમાં આપેલા નંબર પર સંપર્ક કરતા સામેવાળી વ્યક્તિએ પોતાની ઓળખ ખંડેલવાલ તરીકે આપી સામાન વાજબી ભાવે આપવાનો વિશ્વાસ આપ્યો હતો.

આમ, વેપારીએ વિશ્વાસમાં આવી પોતાના એસબીઆઈ ખાતામાંથી આરટીજીએસ દ્વારા કુલ રૂ. 6,17,748 ગઠિયાના ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મળી ગયા બાદ પણ સામાન ન મોકલી આરોપીએ વરસાદ અને અતિવૃષ્ટિનું બહાનું કાઢી સમય પસાર કર્યો હતો. અંતે ફોન ઉપાડવાનું બંધ કરી દેતા છેતરાયાનો અહેસાસ થતા વેપારીએ હેલ્પલાઇન નંબર 1930 પર ફરિયાદ કરી હતી, જેના આધારે સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ભરતીમાં ગેરરીતિ , બી .એડ .ની ફીમાં અન્યાય અને ABVPને ફંડ આપવા મુદ્દે સવાલો ઉઠ્યા

સરદાર પટેલ યુનિવર્સિટી રાજકીય અડ્ડો બની હોવાનો NSUI દ્વારા આક્ષેપ

રજિસ્ટ્રારને આવેદનપત્ર પાઠવી આંદોલનની ચીમકી અપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૮

સરદાર પટેલ યુનિવર્સિટીના વહીવટી તંત્ર પર ગંભીર આક્ષેપો કરતા નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા રજિસ્ટ્રારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનમાં જણાવ્યા અનુસાર, યુનિવર્સિટીમાં શૈક્ષણિક બાબતોને બદલે ચોક્કસ રાજકીય પક્ષ અને વિચારધારાનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે, જેનાથી સંસ્થાની ગરિમા જોખમાઈ રહી છે.

એનએસયુઆઈએ આક્ષેપ કર્યો છે કે યુનિવર્સિટીની મિલકતો, હોલ અને ઓડિટોરિયમનો ઉપયોગ ભાજપ, આરએસએસ અને સંલગ્ન સંગઠનોના રાજકીય પ્રચાર માટે કરવામાં આવી રહ્યો છે. વધુમાં, થોડા સમય પહેલા એબીવીપીના અધિવેશન માટે યુનિવર્સિટીના ભંડોળમાંથી ૪ લાખ રૂપિયા આપવા બદલ પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે અને તેની મંજૂરી અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ દરમિયાન થયેલી એસોસિએટ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર અને ક્લાર્કની ભરતીમાં જ્ઞાતિ, ધર્મ અને પક્ષના આધારે ભેદભાવ રાખવામાં આવ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. એનએસયુઆઈએ આ તમામ ભરતીના દસ્તાવેજો અને એસસી, એસટી, ઓબીસી રોસ્ટરની નકલની માંગ કરી છે. તેમજ પ્રોફેસરોને નિયમ વિરુદ્ધ પ્રમોશન આપી 'વહાલા-દવલા'ની નીતિ અપનાવવામાં આવતી હોવાનો પણ દાવો કર્યો છે.બી.એડ.ના વિદ્યાર્થીઓ પાસેથી અંડર ગ્રેજ્યુએટ હોવા છતાં પોસ્ટ ગ્રેજ્યુએટની ૫૦૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી અને GCASમાં ૩૦૦ રૂપિયા લેવામાં આવતા હોવાનો મુદ્દો ઉઠાવી વિદ્યાર્થીઓને થતા આર્થિક નુકસાન અંગે રોષ વ્યક્ત કર્યો છે. વધુમાં એનએસયુઆઈના પૂર્વ સિન્ડિકેટ સભ્ય અલ્પેશ પુરોહિત અને પ્રદીપ લકુમે જણાવ્યું છે કે, જો યુનિવર્સિટી દ્વારા આ મુદ્દાઓ પર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આવનારા સમયમાં ગુજરાત એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન અને કાયદાકીય લડાઈ લડવામાં આવશે.

ગળતેશ્વર તાલુકાની વસો દૂધ મંડળીમાં સેક્રેટરીનું રાજીનામું

કમિટીના બે સભ્યોના પણ રાજીનામાં પડ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

ગળતેશ્વરના વસો દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ઉચાપતના આક્ષેપોને પગલે સેક્રેટરીના રાજીનામાં બાદ ભારે વિવાદ સર્જાયો છે.

આ મંડળીના સેક્રેટરી નિલેશ પટેલે ઉચાપતના આક્ષેપો બાદ રાજીનામું આપતા, નવા સેક્રેટરીની નિમણૂક મામલે ગંભીર ગેરરીતિ સામે આવી છે. મંડળીના સત્તાધીશોએ કોઈપણ પ્રકારનું જાહેરનામું બહાર પાડ્યા વિના મહેશ પરમાર નામના વ્યક્તિને સેક્રેટરી બનાવી દીધા છે, જેઓ અગાઉ ડેરીમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા. નવા નિમાયેલા સેક્રેટરી મંડળીના સભ્ય પણ નથી અને તેઓ ચેરમેન રમણભાઈ પરમારના પડોશી હોવાથી તેમને આ પદ સોંપાયું હોવાનો ગણગણાટ શરૂ થયો છે.

મંડળીમાં મણીલાલ પરમાર જેવા કાયમી અને વરિષ્ઠ કર્મચારી હોવા છતાં તેમની અવગણના કરી રોજમદારને ચાર્જ સોંપાતા કર્મચારીઓમાં અસંતોષ વ્યાપ્યો છે. કમિટીની આ મનસ્વી કાર્યપદ્ધતિના વિરોધમાં 11 સભ્યોની બોડી પૈકી બે સભ્યોએ રાજીનામાં ધરી દીધા છે. અગાઉ બે સભ્યોના અવસાન થયા બાદ હવે વધુ રાજીનામાં પડવાની શક્યતાને જોતા મંડળીના અસ્તિત્વ સામે જોખમ ઉભું થયું છે.

હલદરવાસ અને તેલનાર શાખામાં કેશિયરે 30 લાખ સગેવગે કર્યાં

ખેડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની બે શાખામાં ઉચાપત

બોગસ સહીઓ અને બનાવટી ફોર્મ દ્વારા આચર્યું ખુલ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની હલદરવાસ અને તેલનાર શાખામાં ફરજ બજાવતા પૂર્વ કેશિયર મિતેશ ઈશ્વરભાઈ પટેલ સામે 30 લાખથી વધુની ઉચાપત મામલે મહેમદાવાદ અને કપડવંજ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદો નોંધાઈ છે. આરોપીએ ગ્રાહકોના ખાતામાંથી ખોટી સહીઓ કરી અને તિજોરીમાંથી રોકડ કાઢી લીધી હતી.

ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના સિનિયર વિજિલન્સ ઓફિસર દ્વારા હલદરવાસ શાખામાં કરવામાં આવેલા સરપ્રાઈઝ ઈન્સપેક્શન દરમિયાન તિજોરીની રોકડ સિલકમાંથી 35,500ની ઘટ જોવા મળી હતી. વધુ તપાસમાં સામે આવ્યું કે ખાતેદાર બબુબેન પરમારના ખાતામાંથી 2,45,000 અને રઈજીભાઈ પરમારના ખાતામાંથી 3,44,000 કોઈપણ વાઉચર કે સ્લિપ વગર ઉપાડી લેવાયા હતા. આમ, હલદરવાસ શાખામાં કુલ 3,59,500ની ઉચાપત બદલ ગુનો નોંધાયો છે.

મેનેજરના યુઝર આઈડીનો દુરુપયોગ

તેલનાર શાખામાં ફરજ દરમિયાન કેશિયરે મેનેજરની ગેરહાજરીનો લાભ ઉઠાવી તેમના યુઝર આઈડી મારફતે બનાવટી લુઝ ફોર્મ ભરી લાખોની ગેરરીતિ આચરી હતી. જેમાં ખાતેદાર બાબુભાઈ પંચાલના ખાતામાંથી 12,50,000, જેતાજી વસંજીરાના ખાતામાંથી 6,56,000 અને અન્ય ખાતેદારો મળી કુલ લાખો રૂપિયા સગેવગે કર્યા હતા. જોકે બાદમાં આ રકમ કેશિયરે પરત જમા કરાવી દીધી હતી, પરંતુ બેંક સાથે થયેલી છેતરપિંડી બદલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

યાત્રાધામની પવિત્રતા જાળવવા સંત મેદાનમાં ઉતર્યાં

ડાકોરમાં માંસાહારના વેચાણ પર કાયમી પ્રતિબંધની માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં રણછોડરાયના દર્શને આવતા લાખો શ્રદ્ધાળુની ધાર્મિક આસ્થા અને નગરની પવિત્રતા જાળવવા માટે માંસાહારના વેચાણ પર કાયમી પ્રતિબંધ મૂકવાની માંગણી તેજ બની છે. આ અંગે ડાકોર સ્થિત દંડી સ્વામી આશ્રમના મહંત વિજયદાસજી મહારાજે ઠાસરા પ્રાંત અધિકારીને એક વિનંતી પત્ર પાઠવીને ડાકોરને માંસાહાર મુક્ત જાહેર કરવા રજૂઆત કરી છે.

હાલમાં પવિત્ર શ્રાવણ માસને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા માત્ર મૌખિક સૂચના આપી માંસાહારી વાનગીઓનું વેચાણ બંધ કરાવવામાં આવ્યું છે. જોકે, સંતો અને ભાવિકોની એવી માંગ છે કે આ વ્યવસ્થા માત્ર એક માસ પૂરતી મર્યાદિત ન રહેતા, અન્ય મુખ્ય ધાર્મિક સ્થળોની જેમ ડાકોરમાં પણ સમગ્ર વર્ષ દરમિયાન કાયમી ધોરણે અમલમાં મૂકવામાં આવે.

આ પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, ડાકોર લાખો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે અને દર પૂનમે અહીં માનવ મહેરામણ ઉમટી પડે છે. આવા સમયે ધાર્મિક નગરીમાં નોનવેજ અને ઈંડાની લારીઓ ધમધમતી હોવાથી ભક્તોની લાગણી દુભાય છે અને યાત્રાધામની છાપ પણ ખરડાય છે. આથી, ડાકોરની ગરિમા જાળવવા ખુલ્લામાં થતું વેચાણ સંપૂર્ણપણે અટકાવવું જરૂરી છે.

આદરજ ગામમાં રૂમાલ વડે ગળુટુંપો આપી કરાયેલી હત્યા કેસમાં ચુકાદો

તારાપુરમાં મિત્રની નિર્મમ હત્યા કરનારા શખસને આજીવન કેદ

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૮

તારાપુરના આદરજ સીમમાં ત્રણ વર્ષ પહેલાં થયેલી યુવકની ચકચારી હત્યાના કેસમાં આણંદ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પોતાની બહેનના મૃત્યુ બાબતે મેણાટોણા મારતા ઉશ્કેરાઈ જઈને મિત્રની હત્યા કરનાર આરોપી કાળુ ઉર્ફે રાજુ મણીભાઈને અદાલતે આઈપીસી કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવી આજીવન કેદની સજા અને ૧ લાખનો દંડ ફટકાર્યો છે.

આરોપીની બહેન ગૌરીબેન સળગીને મરી ગયા હોવા બાબતે કટાક્ષ કર્યો હતો. આ વાતથી ઉશ્કેરાઈ ગયેલા આરોપી કાળુ મણીભાઈએ ભાનુને નીચે પાડી દઈ પોતાના હાથ રૂમાલથી ગળે ટુંપો આપી તેની નિર્મમ હત્યા કરી નાખી હતી. બીજા દિવસે આંબાના ઝાડ નીચેથી મૃતકની અર્ધનગ્ન લાશ મળી હતી.

આ કેસમાં તારાપુર પોલીસે ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. જેની સુનાવણી દરમિયાન સરકારી વકીલે ૧૭ સાક્ષીઓની જુબાની અને ૨૪ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. પુરાવાઓને ધ્યાને રાખી કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવ્યો હતો. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. વધુમાં, વસૂલ કરાયેલા દંડમાંથી રૂપિયા ૫૦,૦૦૦ પીડિત પિતાને વળતર પેટે ચૂકવવાનો આદેશ પણ અદાલતે આપ્યો છે.

ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., નડીઆદ
સરદાર પટેલ સહકાર ભવન, મીશન રોડ, નડીઆદ- 387002
Email : account.ho@khedadccb.bank.in

પેટલાદ શાખાના લોકર્સ ધારકો જોગ અગત્યની નોટિસ

ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેંટ્રલ કો-ઓપરેટિવ બેંક લી.ની પેટલાદ શાખા હાલ ગાંધી ચોક, એન.કે. હાઈસ્કૂલ પાસે. મુ. પેટલાદ, જી. આણંદ મુકામે કાર્યરત છે. જે તારીખ ૧૯/૦૯/૨૦૨૬ને શનિવાર સુધીમાં અદ્યતન સુવિધાઓ સાથે પેટલાદ-સોજિત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડની બાજુમાં, સ્ટેશન રોડ, મું.પેટલાદ ખાતે સ્થળાંતર થનાર છે.જેની સર્વે લોકર્સ ધારકોએ નોંધ લેવી.

બેંકની શાખાના સ્થળાંતરને કારણે શાખાના લોકર્સને પણ સ્થળાંતરીત કરવામાં આવશે. જે અંગે બેંક દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવશે. તેમ છતાં સ્થળાંતર દરમ્યાન લોકર્સ ધારકની નુકશાન થઈ શકે તેવી કિંમતી ચીજવસ્તુઓને કોઈ ક્ષતિના પહોંચે તે બાબત ધ્યાનમાં રાખતા સાવચેતીના ભાગરૂપે તમામ લોકર્સ ધારકોને તેમની કિંમત ચીજ વસ્તુઓ લોકર્સમાંથી કામચલાઉ ધોરણે સ્થળાંતર તારીખ પહેલા કાઢી જવા જણાવવામાં આવે છે. લોકર્સ ઓપરેટ નહિ કરવાના સંજોગોમાં શીફ્ટીંગ દરમ્યાન કોઈપણ કારણસર લોકર્સમાં રહેલ સામગ્રીને નુકશાન/ ક્ષતિ પહોંચશે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહિ. વધુ માહિતી માટે બ્રાન્ચ મેનેજર પેટલાદ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

પેટલાદ શાખાના ગ્રાહકો જોગ અગત્યની નોટિસ

આથી માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, આપ આપની પેટલાદ શાખાની કોઈપણ બેન્કિંગ સેવાઓ અંગેની કોઈપણ જાતની કાર્યવાહી કરાવવા માટે આપની અનુકૂળતા મુજબ બેંકની પેટલાદ શાખાનો રૂબરૂ સંપર્ક કરી જરૂરી કાર્યવાહી કરાવી જશો. અન્યથા આપના તમામ પ્રકારના ખાતાઓ તેમજ લોકર બેંકના નવા સ્થળે એટલે કે પેટલાદ-સોજીત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડની બાજુમાં, સ્ટેશન રોડ, મું. પેટલાદ ખાતે સ્થળાંતરીત કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો. વધુ માહિતી માટે બ્રાન્ચ મેનેજર પેટલાદ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

શ્રી સંદીપભાઈ ગજ્જર	શાખાનું હાલનું સરનામું :	શાખાનું નવું સરનામું :
મેનેજર, પેટલાદ શાખા	એન.કે. હાઈસ્કૂલ પાસે,	પેટલાદ- સોજિત્રા તાલુકા સહકારી
મો. નં. ૭૦૪૬૯ ૯૫૦૦૫	ગાંધી ચોક, મુ. પેટલાદ	ખરીદ વેચાણ સંઘ, બસ સ્ટેન્ડની
		બાજુમાં, સ્ટેશન રોડ, મું. પેટલાદ

તા.૧૯/૦૮/૨૦૨૬ — ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

નડિયાદ શહેરમાં બિલ્ડરે કોમન પ્લોટ પચાવી પાડ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

નડિયાદ શહેરના જૂના ડુમરાલ રોડ પર આવેલી સંસ્કૃતિ હોમ્સ સોસાયટીના રહીશોએ સોસાયટીના કોમન પ્લોટ પર ગેરકાયદેસર કબજો જમાવનાર બિલ્ડર સામે વહીવટી તંત્રનું શરણું લીધું છે. રહીશોએ કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગે રહીશોના આક્ષેપ મુજબ, સોસાયટીના બિલ્ડર મુકેશ હીરાનંદલાલ પ્રજાપતિ અને પ્રિતેશ બાબુભાઈ પટેલ દ્વારા છેલ્લા ૩ વર્ષથી કોમન પ્લોટની ફરતે પતરા મારી દઈ ગેરકાયદેસર રીતે તેને બંધ કરી દેવામાં આવ્યો છે. નિયમ મુજબ રહીશોના સામાન્ય ઉપયોગ માટે અનામત રાખવાનો પ્લોટ બિલ્ડરે પોતાના અંગત સ્વાર્થ માટે પચાવી પાડ્યો છે. આ દબાણને કારણે બાળકોને રમવા માટે કે વડીલોને બેસવા માટે કોઈ ખુલ્લી જગ્યા બચી નથી, તેમજ સામાજિક અને ધાર્મિક પ્રસંગો યોજવામાં પણ ભારે હાલાકી પડી રહી છે.

વધુમાં, સોસાયટીના સભ્યોએ આવેદનમાં જણાવ્યું છે કે જ્યારે આ બાબતે બિલ્ડરને રજૂઆત કરવામાં આવે છે ત્યારે તેઓ અભદ્ર ભાષાનો પ્રયોગ કરી રહીશો સાથે ગેરવર્તન કરે છે. બિલ્ડરની આ જોહુકમીથી કંટાળીને રહીશોએ ધારાસભ્ય અને મેયરને પણ આ અંગે રજૂઆત કરી છે. રહીશોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી ગેરકાયદે કબજો દૂર કરવામાં આવે અને જવાબદાર બિલ્ડર સામે કડક કાયદેસરના પગલાં ભરવામાં આવે.

કોંગ્રેસે કચેરી ગજવી વિરોધ પ્રદર્શન કર્યું | ૧૬ ગ્રામ પંચાયતોને અન્યાય થયાનો આક્ષેપ

ફાગવેલ તાલુકામાં ૨.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવણીમાં 'વહાલા-દવલા'ની નીતિ

આંદોલન કરવાની ચીમકી સાથે ટીડીઓને આવેદન અપાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

ખેડા જિલ્લાના નવરચિત ફાગવેલ તાલુકામાં વિકાસના કામો માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાં વ્યાપક પક્ષપાત અને અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. સત્તાધારી પક્ષ દ્વારા મનસ્વી રીતે અને માત્ર પોતાના મળતિયાઓના ગામોને જ પ્રાધાન્ય આપી અન્ય પંચાયતો સાથે ઘોર અન્યાય કરવામાં આવતા તાલુકા કોંગ્રેસ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને ઉગ્ર આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઘનશ્યામભાઈ પરમારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ૨.૨૫ કરોડની ગ્રાન્ટની વહેંચણીમાં ૧૬ જેટલી ગ્રામ પંચાયતોને સંપૂર્ણપણે વંચિત રાખવામાં આવી છે. નિયમ મુજબ સરપંચો કે તાલુકા સભ્યોની સંમતિ લેવી ફરજિયાત હોવા છતાં, સત્તાધીશોએ કોઈને પણ જાણ કર્યા વિના મનસ્વી નિર્ણયો લીધા છે. જો સત્વરે ન્યાયી રીતે ગ્રાન્ટની ફાળવણી કરવામાં નહીં આવે તો સમગ્ર તાલુકામાં જલદ આંદોલન છેડવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સરપંચોએ સૂચવેલા કામો રદ કર્યાં

અગાઉ ૧૭ ગામના સરપંચોએ ૬૯ લાખના ખર્ચે ૪૯ જેટલા પ્રાથમિક વિકાસ કામોનું આયોજન મોકલ્યું હતું, જે સત્તાના જોરે રદ કરી દેવાયા હતા. તેની સામે સરપંચોને અંધારામાં રાખીને માત્ર આર્થિક ફાયદા માટે ૭૨ લાખના નવા કામો મંજૂર કરી દેવાયા હોવાનો ગંભીર દાવો કરવામાં આવ્યો છે.

એટીવીટી યોજનામાં પણ ગેરરીતિ

એટીવીટી યોજના હેઠળ તાલુકાને મળેલા ૧.૫૦ કરોડના માતબર ભંડોળમાંથી માત્ર ૨ ગામોને જ લાભ આપી બાકીની તમામ પંચાયતોને અન્યાય કરવામાં આવ્યો છે. આ પક્ષપાતી નીતિને કારણે અનેક ગામડાઓના વિકાસ કામો અટકી પડ્યા છે અને સરપંચોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.